INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૨૯-૧૧-૨૦૨૩**

ભાવનગરના પૂર્વ ધારાસભ્ય અને રાજકીય આગેવાન શ્રી સુનિલભાઈ ઓઝાના અવસાન અંગે શોકની લાગણી વ્યક્ત કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહજી ગોહિલે જણાવ્યું હતું કે, શ્રી સુનિલભાઈ ઓઝાના અવસાનના સમાચાર દુઃખદાયી છે. જાહેર જીવનમાં શ્રી સુનિલભાઈ ઓઝા સાથેના મારા સંબંધો હંમેશા આત્મીયતા અને મિત્રતાના રહ્યા હતા. શ્રી સુનિલભાઈ ઓઝા અયોગ્ય થતી બાબતો અને અન્યાય સામે અવાજ ઉઠાવવાની જે ક્ષમતા ધરાવતા હતા તે પ્રશંસનીય હતી. શ્રી સુનિલભાઈ ઓઝા સાથેના મારા સંબંધોની કેટલીક યાદગાર પળો ચિરંજીવી રહેશે. શ્રી સુનિલભાઈ ઓઝાના અવસાનથી ભાવનગરના જાહેર જીવનને મોટી ખોટ પડી છે.

સ્વ. સુનિલભાઈ ઓઝાને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહજી ગોહિલે પક્ષ વતી અને અંગત રીતે શ્રદ્ધાંજલિ અર્પી હતી અને સ્વ. સુનિલભાઈ ઓઝાના પરિવાર પર અચાનક આવી પડેલ આ દુઃખને સહન કરવાની પ્રભુ શક્તિ અર્પે તેવી પ્રાર્થના કરી હતી.

**(ડૉ. મનિષ એમ. દોશી)**
મીડીયા કન્વીનર અને પ્રવક્તા